ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૭૭/૧૮-૧૯/ 1336 તારીખ: 4 APR 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી ગગજાભાઈ હેમુભાઈ ટાંક,
મુ.ટીડાણા, તા.મૂળી,
જી. સુરેન્દ્રનગર.
**મો. ૯૯૦૪૧ ૯૫૦૬૬.**

કેસ નં.૧૭૭/૧૮-૧૯

**વિષય : ખેતીવાડી વીજજોડાણ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૬/૦૨/૧૯ અત્રેની કચેરીને મળ્યા તા.૨૬.૦૨.૧૯
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭૭/૧૮-૧૯/૯૬૩ તા.૧૨/૦૩/૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭૭/૧૮-૧૯/૧૦૧૭ તા.૧૪/૦૩/૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૬/૦૩/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મૂળી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L. Bhavnagar.

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૭૭/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી ગગજીભાઈ હેમુભાઈ ટાંક

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૨૬.૦૩.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી ગગજીભાઈ હેમુભાઈ ટાંક – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ગગજીભાઈ હેમુભાઈ ટાંક, મુ.ટીડાણા, તા.મૂળી, જી.સુરેન્દ્રનગરની ખેતીવાડી વીજજોડાણ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૭૭/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૭૭/૧૮–૧૯/૯૬૩ તા.૧૨.૦૩.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૬.૦૩.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી ગગજીભાઈ હેમુભાઈ ટાંક પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફેશ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોએ તા.૨૬.૧૨.૨૦૧૨ ના રોજ SPA સ્કીમ હેઠળ વીજજોડાણની અરજી કરેલ જે શરતચુકથી ગગજીભાઈ હેમુભાઈના બદલે ગગજી લક્ષ્મણ ના નામથી રજીસ્ટેશન થયેલ છે, જે પીજીવીસીએલ કંપનીના ભુલના કારણે ઉપરોકત નામનું કોટેશન નીકળી હશે, જે અમોને મળેલ નથી.

૧.૨ જેથી અમો કનેકશનથી વંચીત રહેલ છીએ. અમો અતી ગરીબ હોય અંગ્રેજી જાણતા ન હોય કયા નામનું રજીસ્ટ્રેશન થયેલ છે, તે અમોને ખબર પડતી ન હોવાથી અમારૂ કનેકશન ટલ્લે ચડેલ છે. તો આપ સાહેબને નમ્ર અરજ કે અમારા ડોકયુમેન્ટ તપાસી અમોને આ વીજજોડાણ મળે તેવી વ્યવસ્થા કરાવવા વિનંતી છે.

..૨..

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ શ્રી ગગજીભાઈ હેમુભાઈ દવારા તા.૨૬.૧૨.૨૦૧૨ ના રોજ ખેતીવાડી કનેકશન માટે રજીસ્ટ્રેશન કરાવેલ છે, જેનો રજીસ્ટ્રેશનનાં રૂા.૨૦૦/– રસીદ નં.૦૮૪૬૩૮ થી ભરેલ છે.

૨.૨ શ્રી ગગજીભાઈ હેમુભાઈનું ખેતીવાડી કનેકશન ૨૦૧૭ માં પાસ થયેલ છે અને તેમને મુળી પત્રનં.૬૦૭૦ તા.૦૩.૦૮.૧૭ થી ભાવપત્રક (એફ.કયુ.) મોકલેલ છે.

૨.૩ શ્રી ગગજીભાઈ હેમુભાઈને ભાવપત્રક મળેલ નથી તેમજ ભાવપત્રક ની છેલ્લી તારીખ સુધી પેઈડ થયેલ નથી.

૨.૪ વધુમાં સદર SR–૪૪૬૭૫૨૮ નો ઈ–ઉર્જા રેકોર્ડ તપાસતા સદર SR નું સ્ટેટસ "Not Paid Cancel" બતાવે છે તથા ઈ–ઉર્જા SR સાથે એટેચ ડોકયુમેન્ટ તપાસતાં તેમાં સદર અરજદાર દવારા તા.૧૧.૧૦.૧૭ ના રોજ FQ TLE માટેની અરજી કરવામાં આવેલ છે, જેમાં અરજીમાં જણાવ્યા મુજબ તેમની પાસે પૈસાની સગવડ ન હોવાથી ૯૦ દિવસની એસ્ટીમેટ ભરવા માટેની ટાઈમ લીમીટ વધારી આપવા માટેની છે. સદર "FQ TLE" નો વર્કફલો એપ્રુવલ હીસ્ટરી રન કરાવીને જોતા તા.૨૫.૦૧.૧૮ ના રોજ સદર FQ TLE નો વર્કફલો ના.ઈ.(આર.ઈ.), મુળી દવારા લોન્ચ કરવામાં આવેલ હતો, ત્યારબાદ વિભાગીય કચેરી દવારા "FQ TLE"અરજી સમયમર્યાદામાં ન કરેલ હોઈ એટલે કે FQ Last Date ૦૩.૦૯.૧૭ છે, "FQ TLE" અરજી તા.૧૧.૧૦.૧૭ એટલે કે એક માસ કરતા વધુ હોઈ તેમજ FQ TLE નો વર્કફલો તા.૨૫.૦૧.૧૮ ના રોજ લોન્ચ કરવામાં આવેલ એટલે કે ૭૫ દિવસ અરજી આવ્યા બાદ ના.ઈ.(આર.ઈ.), મુળીનું જસ્ટીફીકેશન માંગવામાં આવેલ હતું. પરંતુ તેઓ દવારા કોઈ જસ્ટીફીકેશન રજુ થયેલ ન હોઈ સદર FQ TLE મંજુર કરવામાં આવેલ નથી. (ઈ–ઉર્જા FQ TLE માં વર્કફલો એપ્રુવલ હીસ્ટરી આ સાથે જોડેલ છે.)

૨.૫ વાદીની ફાઈલ ચકાસતા તેના એ–૧ ફોર્મ તથા સંલગ્ન દસ્તાવેજી પુરાવામાં ૭/૧૨, ૮–અ, ૬–હકકપત્રક વગેરે રજીસ્ટ્રેશન તા.૨૬.૧૨.૧૨ અગાઉના એટલે કે તા.૦૪.૦૯.૧૨ ના માલુમ પડેલ છે. સદર અરજદાર દવારા તેમના નવીન ખેતીવાડી વીજજોડાણનાં એ–૧ ફોર્મ માં લખેલ નામ "શ્રી ગગજીભાઈ હેમુભાઈ ટાંક થી રજીસ્ટ્રેશન કરાવેલ છે. જે તે સમયના જી.પી. રજીસ્ટરમાં પણ રજીસ્ટ્રેશન તે નામથી નોંધાયેલ છે. પરંતુ સદર અરજદારની ઈ–ઉર્જા માં SR-4467528 જે બનાવવામાં આવેલ તેમાં શરતચુકથી નામમાં "શ્રી ગગજીભાઈ હેમુભાઈ ટાંક" ની બદલે "શ્રી ગગજીભાઈ લક્ષ્મણભાઈ ટાંક" લખાયેલ હોઈ તેવું જણાય છે. જેને લીધે સદર અરજદારને એસ્ટીમેટ પણ શ્રી ગગજીભાઈ લક્ષ્મણભાઈ ટાંકના નામે નીકળેલ છે અને મુળી પેટા વિભાગીય કચેરી દવારા આઉટવર્ડ નં.૬૦૭૦ તા.૦૩.૦૮.૧૭ થી "By RPAD" રજીસ્ટર થયેલ હતું. નામ ભુલના કારણે સદર અરજદારનું એસ્ટીમેટ "RPAD" કવર તેમને મળેલ નથી અને પરત આવેલ છે, જે ના.ઈ.(આર.ઈ.), મુળી દવારા રજુ કરવામાં આવેલ પરત કવરની ઝેરોક્ષ નકલ તથા "RPAD" સ્લીપ ઉપરથી જણાય છે. આમ સદર અરજદારને તે એસ્ટીમેટ મળેલ નથી. તેમજ ના.ઈ.(આર.ઈ.), મુળી દવારા તા.૧૧.૧૦.૧૭ ની FQ TLE ની અરજી યોગ્ય રીતે પ્રોસેસ ન કરવાથી FQ TLE ની અરજી મંજુર કરવામાં આવેલ નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :–** વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ગગજીભાઈ હેમુભાઈ ટાંક એ ગામ–ટીડાણા, તા.મૂળીમાં તા.૨૬.૧૨.૨૦૧૨ ના રોજ નવા ખેતીવાડી વીજજોડાણમાટે પ્રતિવાદીની ઓફીસમાં અરજી નોંધાણી કરાવેલ.

૩.૨ પ્રતિવાદીએ વાદીને તા.૦૩.૦૮.૧૭ ના રોજ નવા વીજજોડાણ માટે અંદાજપત્ર રજીસ્ટર એ.ડી. દવારા મોકલેલ. જે વાદી અરજદારને મળેલ નહી અને અંદાજપત્રનું કવર "આ નામની વ્યકિત ટીડાણા ગામમાં નહી હોવાથી પરત" ની નોંધ સાથે પરત આવેલ.

૩.૩ પ્રતિવાદીએ રજુ કરેલ વાદીએ કરેલ અરજી ફોર્મની નકલ મુજબ વાદીએ ટાંક ગગજીભાઈ હેમુભાઈ ના નામની અરજી કરેલ તેમજ અરજી ફોર્મ સાથેના સંલગ્ન ડોકયુમેન્ટસ જેવા કે ચુંટણી ઓળખપત્ર, રેશનકાર્ડ તેમજ રેવન્યુ રેકર્ડ મુજબ ગગજીભાઈ હેમુભાઈ નું નામ બતાવે છે.

૩.૪ તા.૦૩.૦૮.૧૭ ના રોજ પ્રતિવાદીએ વાદીને આપેલ અંદાજપત્રમાં ગગજીભાઈ લક્ષ્મણભાઈ ટાંકનું નામ છે. આથી વાદીને અંદાજપત્ર મળેલ નહી અને વાદી અંદાજપત્ર ભરી શકેલ નહી અને સમયમર્યાદામાં અંદાજપત્ર ન ભરાતાં પ્રતિવાદીએ વાદીની અરજી રદ કરેલ.

૩.૫ વાદીએ અરજી નોંધણી ગગજીભાઈ હેમુભાઈ ટાંકના નામની કરાવેલ હોય છતાં પ્રતિવાદીએ ભૂલથી અંદાજપત્રમાં ગગજીભાઈ લક્ષ્મણભાઈ નામ લખતાં અને તે નામે અંદાજપત્ર રજી.એ.ડી.થી પોસ્ટ કરતાં અંદાજપત્ર વાદીને મળેલ નહી અને તેથી અંદાજપત્ર રદ થયેલ.

૩.૬ ૩.૫ મુજબ અંદાજપત્રમાં નામ અને સરનામું ખોટું લખેલ હોય વાદીને અંદાજપત્ર મળેલ નહી તેમજ પ્રતિવાદીએ હુકમ મળ્યે દિવસ–૧૦ માં વાદીને નવું અંદાજપત્ર રજી.એ.ડી. દવારા આપવું.

## <u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર

| | | |
|---|---|---|
| **(બી. જે. દવે)** | ( પી.એચ. માવાણી ) | (એમ.આર.વજરીયા) |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ |
| | | પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :– ૨૬.૦૩.૨૦૧૯

P.G.V.C.L. Grievance Redressal Forum Bhavnagar.